unacademy

Special class on

# Discussion on Gujarati Grammar

June 8, 2020 • Mayankkumar Patel

unacademy




# ગુજરાતી વ્યાકરણ

## સંધિ

GPSC,PSI,ASI,TET,TAT,HTAT,તલાટી,ક્લાર્ક ,બિનસચિવાલય ક્લાર્ક,રેવન્યુ તલાટી, માટે ખુબ જ ઉપયોગી

- MAYANK PATEL
8200206458
https://t.me/mbpatelunacademy

# *સંધિ

* સંધિ એટલે શું ?
* બે પદ જોડતા સ્વર વ્યંજન માં જે કંઈ ફેરફાર થાય તેને સંધિ કહેવામાં આવે છે.

* સંસ્કૃતમાં સંધિના બે પ્રકાર બતાવાયા છે.
* (૧) સ્વરસંધિ (૨) વ્યંજન સંધિ

# *સ્વરસંધિ

* *સ્વર સંધિ :
* *જ્યારે બે સ્વરો ભેગા થઈને તેનો ઉચ્ચાર ભેગા થાય ત્યારે તેને સ્વરસંધિ કહેવાય છે.
* *ગુજરાતી ભાષામાં સ્વરો નીચે પ્રમાણે છે.
* *અ, આઇ, ઈ, ઉ, ઊ/8/ એ, ઐ, ઓ,
* *દા.ત. પુસ્તક + આલય = પુસ્તકાલય (અ + આ) વિદ્યા + અર્થી = વિદ્યાર્થી (આ + અ)

# *વ્યંજન સંધિ

* વ્યંજન સંધિ :
* વ્યંજન સાથે સ્વર જોડાય અથવા વ્યંજન સાથે વ્યંજન જોડાય અને વ્યંજન સંધિ કહેવામાં આવે છે.
* ગુજરાતી ભાષામાં વ્યંજન કખ..ગઘ.. વગેરે છે.

# *સ્વરસંધિ

(૧) અ + અ, આ = આ
લોક + અપવાદ = લોકાપવાદ
એક + અંત = એકાંત
સત્ય + આગ્રહ = સત્યાગ્રહ
મહત્ત્વ + આકાંક્ષા = મહત્ત્વાકાંક્ષા

(૨) આ + અ, આ = આ
કદા + અપિ = કદાપિ
વિદ્યા + અર્થી = વિદ્યાર્થી
વાર્તા + આલાપ = વાર્તાલાપ
ચિંતા + આતુર = ચિંતાતુર

(૩) ઇ + ઇ, ઈ = ઈ
રવિ + ઇન્દ્ર = રવીન્દ્ર
જ્યોતિ + ઇન્દ્ર = જ્યોતીન્દ્ર
પરિ + ઈક્ષા = પરીક્ષા
કવિ + ઈશ્વર = કવીશ્વર

(૪) ઈ + ઇ, ઈ = ઈ
દેવી + ઇચ્છા = દેવીચ્છા
અવની + ઇન્દ્ર = અવનીન્દ્ર
રજની + ઈશ = રજનીશ
અવની + ઈશ = અવનીશ

(૫) ઉ + ઉ, ઊ = ઊ
સુ + ઉક્તિ = સૂક્તિ
ભાનું + ઉદય = ભાનૂદય
બહુ + ઊર્મિ = બહૂર્મિ
સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ

(૬) ઊ + ઉ, ઊ = ઊ
વધૂ + ઉલ્લાસ = વધૂલ્લાસ
ચમૂ + ઉત્સાહ = ચમૂત્સાહ
વધૂ + ઊર્મિ = વધૂર્મિ
ભૂ + ઊર્જિત = ભૂર્જિત

(૭) અ + ઈ, ઈ = એ

હર + ઈન્દ્ર = હરેન્દ્ર

રાજ + ઈન્દ્ર = રાજેન્દ્ર

યોગ + ઈશ = યોગેશ

સુર + ઈશ = સુરેશ

(૮) આ + ઈ, ઈ = એ

યથા + ઈષ્ટ = યથેષ્ટ

મહા + ઈન્દ્ર = મહેન્દ્ર

રમા + ઈશ = રમેશ

ઉમા + ઈશ = ઉમેશ

(૯) અ + ઉ, ઊ = ઓ

સર્વ + ઉદય = સર્વોદય

પર + ઉપકાર = પરોપકાર

આનંદ + ઊર્મિ = આનંદોર્મિ

પ્રણય + ઊર્મિ = પ્રણયોર્મિ

(૧૦) આ + ઉ, ઊ = ઓ

વિદ્યા + ઉપાસના = વિદ્યોપાસના

મહા + ઉદય = મહોદય

કલા + ઊર્મિ = કલોર્મિ

મહા + ઊર્મિ = મહોર્મિ

(૧૧) અ, આ + ઋ = અર્

દેવ + ઋષિ = દેવર્ષિ

મહા + ઋષિ = મહર્ષિ

સપ્ત + ઋષિ = સપ્તર્ષિ

બ્રહ્મ + ઋષિ = બ્રહ્મર્ષિ

(૧૨) અ, આ, + એ = ઐ

પુત્ર + એષણા = પુત્રૈષણા

સદા +એવ = સદૈવ

હિત + એષી = હિતૈષી

તથા + એવ = તથૈવ

(૧૩) અ, આ + ઐ = ઐ

રસ + ઐક્ય = રસૈક્ય

મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય

હૃદય + ઐક્ય = હૃદયૈક્ય

મહા + ઐક્ય = મહૈક્ય

(૧૪) અ, આ + ઓ = ઔ

ગુણ + ઓઘ = ગુણૌઘ

ગંગા + ઓઘ = ગંગૌઘ

જલ + ઓઘ = જલૌઘ

મહા + ઓઘ = મહૌઘ

(૧૫) અ, આ + ઔ = ઔ

વન + ઔષધિ = વનૌષધિ

મહા + ઔદાર્ય = મહૌદાર્ય

પરમ + ઔદાર્ય = પરમૌદાર્ય

મહા + ઔષધિ = મહૌષધિ

(૧૬) એ + અ = અય્

શે + અન = શયન

ને + અન = નયન

એ + યન = અયન

(૧૭) ઓ + આ = અવ્

પો + અન = પવન

ભો + અન = ભવન

શ્રો + અન = શ્રવણ

(૧૮) ઐ + અ = આય્

ગૈ + અન = ગાયન

નૈ + અક = નાયક

(૧૯) ઉ + અ = વ્

મનુ + અંતર = મન્વંતર

સુ + અસ્થ = સ્વસ્થ

સુ + અચ્છ = સ્વચ્છ

(૨૦) ઉ + એ = વે

અનુ + એષણ = અન્વેષણ

(૨૧) ઔ + અ, ઈ = આવ્

પૌ + અક = પાવક

નૌ + ઈક = નાવિક

(૨૨) ઈ + ઉ = યુ

પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર

(૨૩) ઉ + આ = વા

સુ + આનંદ = સ્વાનંદ

સુ + આગત = સ્વાગત

(૨૪) ઈ + અ = ય

પ્રીતિ + અર્થ = પ્રીત્યર્થ

પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ

અધિક + અક્ષ = અધ્યક્ષ

અગ્નિ + અસ્તુ = અગ્ન્યસ્તુ

પરિ + અટન = પર્યટન

(૨૫) ઈ + એ = યે

પ્રતિ + એક = પ્રત્યેક

(૨૬) ઈ + આ = યા

અધિ + આત્મ = અધ્યાત્મ

ઈતિ + આદિ = ઈત્યાદિ

અભિ + આગત = અભ્યાગત

(૨૭) ઋ + સ = ર્

પિતૃ + અર્થ = પિત્રર્થ

માતૃ + અર્થ = માત્રર્થ

(૨૮) ઋ + આ = રા

માતૃ + આદેશ = માત્રાદેશ

પિતૃ + આદેશ = પિત્રાદેશ

# *વ્યંજન સંધિ

જુદા જુદા સંજોગોમાં 'સ્' નીચે પ્રમાણે પરિવર્તન પામે છે.

(૧) 'અ' - 'આ' સિવાયનો સ્વર જો આગળ હોય તો 'ષ્' રહે

વિ + સમ = વિષમ

નિ + સેધ = નિષેધ

સુ + સુપ્ત = સુષુપ્ત

(૨) 'ચ', 'છ' જો પાછળ હોય તો 'શ્' રહે

દુશ + ચિન્તા = દુશ્ચિન્તા

નિસ્ + ચિન્ત = નિશ્ચિત

(૩) પાછળ 'ત્' 'થ્' હોય તો 'સ્' રહે

નિસ + તેજ = નિસ્તેજ

દુસ + તર = દુસ્તર

(૪) પાછળ 'ટ્', 'ઠ' હોય તો 'ષ્' રહે

ધનુસ + ટંકાર = ધનુષ્ટંકાર

નિસ + ઠુર = નિષ્ઠુર

(૫) શ્, ષ્, સ જો પાછળ હોય તો વિસર્ગ રહે

નિસ્ + શબ્દ = નિઃશબ્દ

નિસ્ + સંતાન = નિઃસંતાન

(૬) આગળ 'ઈ' કે 'ઉ' હોય ને પાછળ 'ક, ખ, પ, ક' હોય તો 'ષ' રહે

નિસ્ + કામ = નિષ્કામ

દુસ + પ્રાપ્ય = દુષ્પ્રાપ્ય

દુસ + કાળ = દુષ્કાળ

(૭) આગળ 'ઈ' કે 'ઉ' સિવાયનો સ્વર હોય અને પાછળ 'ક' 'પ' હોય તો વિસર્ગ રહે

અધસ્ + પતન = અધઃપતન

અધસ્ + પાત = અધઃપાત

અધસ્ + કાય = અધઃકાય

(૮) આગળ 'અ' ને પાછળ ઘોષ વ્યંજન હોય તો 'ઉ' (અ+ઉ = ઓ) રહે

મનસ્ + હર = મનોહર

સરસ્ + વર = સરોવર

અધસ્ + ગતિ = અધોગતિ

(૪) જો આગળ 'ઈ' હોય ને પાછળ 'ક', 'ખ', કે 'ફ' આવે તો 'ષ્' રહે

ચતુર + પદી = ચતુષ્પદી

ચતુર + પાદ = ચતુષ્પાદ

(૫) આગળ 'ઈ', 'ઉ' સિવાયનો જો સ્વર હોય અને પાછળ 'ક', 'ખ', 'પ', 'ફ' આવે તો વિસર્ગ રહે

પુનર + પરીક્ષા = પુનઃપરીક્ષા

પુનર + પ્રાપ્તિ = પુનઃપ્રાપ્તિ

(૬) પાછળ બીજો 'ર' આવે તો પહેલાંનો અક્ષર અને તેની આગળનો સ્વર દીર્ઘ બને

નિસ્ + રવ = નિર્ + રવ = નીરવ

નિસ્ + રોગી = નિર્ + રોગી = નીરોગી

(૭) શબ્દને અંતે આવતા 'ચ', 'જ', 'શ' નો 'ક્' થાય અને 'ષનો 'ટ્' રહે

વાચ્ + પતિ = વાક્પતિ

ષષ્ + કોણ = ષટ્કોણ

દિશ + કાલ = દિક્કાલ

દિશ + પાલ = દિક્પાલ

(૯) 'અ' કે 'આ' સિવાયનો આગળ સ્વર હોય અને પાછળ ઘોષ વ્યંજન કે સ્વર આવે તો 'ર' રહે

નિસ્ + ભય = નિર્ભય

દુસ્ + ગતિ = દુર્ગતિ

નિસ + અંકુશ = નિરંકુશ

દુસ + આચાર = દુરાચાર

જુદા જુદા સમયે 'ર' આ પ્રમાણે પરિવર્તન પામે છે.

(૧) પાછળ જો 'ચ' કે 'છ' આવે તો 'શ્' રહે

અંતર + ચક્ષુ = અંતશ્ચક્ષુ

પુનર્ + ચ = પુનશ્ચ

(૨) પાછળ જો 'ત્' કે 'થ્' આવે તો 'સ્' રહે

અંતર + તત્ત્વ = અંતસ્તત્વ

અંતર + તાપ = અન્તસ્તાપ

(૩) પાછળ 'શ', 'ષ્' કે 'સ્' આવે તો વિસર્ગ રહે

અંતર + શોક = અંતઃશોક

અંતર + શાંતિ = અંતઃશાંતિ

નિરનુનાસિક કે સ્પર્શ વ્યંજનો છે તે જુદા જુદા સંજોગોમાં આ પ્રમાણે પરિવર્તન પામે

(૧) પાછળ અઘોષ વ્યંજન આવે, તો તેના વર્ગનો પહેલો વ્યંજન આ

આપદ્ + કાલ = આપત્કાલ

વિપદ + તિ = વિપત્તિ

શરદ્ + પૂર્ણિમા = શરત્પૂર્ણિમા

(૨) પાછળ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો તેના વર્ગનો ત્રીજો વ્યંજન આવે

તત્ + ગુણ = તદ્ગુણ

તત્ + અનુસાર = તદનુસાર

(૩) જો પાછળ અનુનાસિક આવે, તો તેના વર્ગનો અનુનાસિક રહે

સત + મતિ = સન્મતિ

દિશ + મૂઢ = દિઙ્મૂઢ

'ત' વર્ગના વ્યંજનમાં નીચે પ્રમાણે ફેરફાર થાય.

(૧) પાછળ જો 'ચ' વર્ગનો વ્યંજન કે 'શ્' આવે તો તેને મળતો 'ચ્' વર્ગનો વ્યંજન આવે

જગત્ + જનની, જગદ્ + જનની = જગતજનની

સત્ + ચરિત્ર = સચ્ચરિત્ર

સત્ + જન = સજ્જન

(૨) પાછળ જો 'ત્' આવે તો 'લ્' રહે

તત્ + લીન = તલ્લીન

ભગવદ્ + લીલા = ભગવલ્લીલા

વિદ્યુત + લેખા = વિદ્યુલ્લેખા

જો નિરનુનાસિક સ્પર્શ વ્યંજન પછી 'શ્' આવે તો તેનો 'છ' થાય.

ચિત્ + શક્તિ = ચિચ્ + શક્તિ = ચિચ્ + છક્તિ = ચિચ્છક્તિ

ઉત્ + શૃંખલ = ઉચ્છૃંખલ

સત્ + શિષ્ય = સચ્છિષ્ય

જો આગળ 'ઋ' 'ર' કે 'ષ' આવ્યા હોય અને વચ્ચે 'ક' વર્ગ 'પ' વર્ગ તથા 'ય', 'ર', 'લ' 'વ' સિવાયનો કોઈ વ્યંજન ન આવ્યો હોય ત્યારે 'ન' નો 'ણ' થાય.

પરિ + નતિ = પરિણતિ

● યાદ રાખો

(૧) પદાન્તે આવેલા 'મ' ને સ્થાને તેની પૂર્વેના વ્યંજન પર અનુસ્વાર મુકાય છે

સમ્ + તાપ = સંતાપ

સમ્ + મોહક = સંમોહક

સમ્ + તોષ = સંતોષ

સમ્ + સાર = સંસાર

સમ્ + હાર = સંહાર

સમ્ + દેહ = સંદેહ

(૨) પદાંત 'ષ' ના 'ટ' થાય છે

ષષ્ + પદ્ = ષટ્પદ

ષષ્ + આનન = ષટાનન

(૩) પદાંત 'શ' નો 'ક' થાય છે

દિશ + પાલ = દિક્પાલ

દિશ + ગજ = દિગ્ગજ

(૪) હ્રસ્વ પછી 'છ' આવે તો તે બેવડાય છે. છ્ છ્ નો પછી ચ્છ થાય છે.

શિર + છત્ર = શિરચ્છત્ર

વૃક્ષ + છાયા = વૃક્ષચ્છાયા

શિર + છેદ = શિરચ્છેદ

વિ + છેદ = વિચ્છેદ

પદ + છેદ = પદચ્છેદ

(૫) અહન શબ્દની પછી કોઈ પણ વર્ણ આવે તો તેનો 'ર' થાય છે પરંતુ રાત્રિ અને રૂપની પૂર્વે 'અહ્ન' શબ્દમાં 'ન' નો 'ઉ' થાય છે.

અહ્ન + શિ = અહર્નિશ

ઉદાહરણ :

પરિ + અટન = પર્યટન

ધનુસ્ + બાણ = ધનુર્બાણ

પો + અન = પવન

વાત + આવરણ = વાતાવરણ

પ્ર + ઉદ્ + સાહન = પ્રોત્સાહન

સમ્ + બોધન = સંબોધન

ઉત્ + લાસ = ઉલ્લાસ

નિ + ઊન = ન્યૂન

પૃથુ + ઈ = પૃથ્વી

મહા + ઉત્સવ = મહોત્સવ

અન્તસ્ + તાપ = અન્તસ્તાપ

મહા + ઉત્સવ = મહોત્સવ

ભિદ્ + ન = ભિન્ન

વાગ્ + બાણ, વાક્ + બાણ = વાગ્બાણ

ભાનુ + ઉદય = ભાનૂદય

પરિ + અટન = પર્યટન

દુસ્ + યોધન = દુર્યોધન

વિ + અવહાર = વ્યવહાર

અભિ + આસ = અભ્યાસ

પ્ર + ઉદ્ + સાહન = પ્રોત્સાહન

ઉદ્ + જ્વલ = ઉજ્જવલ

સમ્ + તોષ = સંતોષ

સત્ + જન = સજ્જન

પ્ર + નામ = પ્રણામ

પરમ + અર્થી = પરમાર્થી

સરસ્ + વર = સરોવર

યથા + અર્થ = યથાર્થ

હરિઃ + ચંદ્ર = હરિશ્ચંદ્ર

ઉદ્ + નત = ઉન્નત

હરિ + ઈન્દ્ર = હરીન્દ્ર

વિ + અસ્ત = વ્યસ્ત

નિ + સ્નાત = નિષ્ણાત

બાલ + ઈન્દુ = બાલેન્દુ

પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર

મનુ + અંતર = મન્વંતર

સુ + સુપ્ત = સુષુપ્ત

મહા + ઉત્સવ = મહોત્સવ

ગિરિ + ઈશ = ગિરિશ

ચિર + આયુ = ચિરાયુ

હિમ + આલય = હિમાલય

ને + અન = નયન

ખિદ્ + ન = ખિન્ન

પિતૃ + આદેશ = પિત્રાદેશ

પૃથુ + ઈ = પૃથ્વી
સત્ + માર્ગ = સન્માર્ગ
સત્ + ચિત્ + આનંદ = સચ્ચિદાનંદ
પ્ર + ઈક્ષક = પ્રેક્ષક
સમ્ + ગીત = સંગીત
ચતુઃ + પદી = ચતુષ્પદી
સ્વ + અર્થ = સ્વાર્થ
સદા + એવ = સદૈવ
ઉત્તર + ઉત્તર = ઉત્તરોત્તર
વૃદ્ધ + અવસ્થા = વૃદ્ધાવસ્થા
મનસ્ + હર = મનોહર
નિસ્ + ડર = નીડર
નવ + ઊઢા = નવોઢા
છિદ્ + ન = છિન્ન
પરિ + ઈક્ષા = પરીક્ષા
સૃજ + તિ = સૃષ્ટિ
પરિ + સદ = પરિષદ

સુ + આગત = સ્વાગત
પરિ + આવરણ = પર્યાવરણ
શ્રો + અન = શ્રવણ
દૃષ્ટ + અંત = દૃષ્ટાંત
સ + અંગ + ઉપાંગ = સાંગોપાંગ
આશીઃ + વાદ = આશીર્વાદ
મનસ્ + યત્ન = મનોયત્ન
યુધિ + સ્થિર = યુધિષ્ઠિર
નવ + ઉન્મેષ = નવોન્મેષ
વિ + સમ = વિષમ
પરિ + નતિ = પરિણતિ
તત્ + આકાર = તદાકાર
સમ્ + સાર = સંસાર
વિ + અગ્ર = વ્યગ્ર
શ્રત્ + ધા = શ્રદ્ધા
પૌ + અક = પાવક
દિશ્ + મૂઢ = દિગ્મૂઢ

# THANK YOU.....

ગુજરાતી વ્યાકરણ માં મુંજતા પ્રશ્નોનું સમાધાન મેળવવા નીચેના નંબર પર whatsup કરો

MAYANK PATEL - 8200206458

https://t.me/mbpatelunacademy